بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. 23-09-2016 સ્થળ: મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આંહઝરત સ.અ.વ.એ એક અવસરે વાસ્તવિક મૌમિનની નિશાની જણાવતા ફરમાવ્યું કે વાસ્તવિક મોમિન તે જ છે જે પોતાના માટે જે કઈ પસંદ કરે છે તે જ બીજા માટે પસંદ કરે છે. આ એક એવો માર્ગદર્શક સિધ્ધાંત છે જે દુનિયાના દરેક સ્તરે ઘરથી લઇને તમામ દુનિયા સુધી પ્રેમ તથા સુલેહની બુનિયાદ નાખે છે. ઝઘડાઓને ખતમ કરે છે, દિલોમાં નરમી પૈદા કરે છે. એક બીજાના અધિકારો અદા કરવા તરફ ધ્યાન દોરે છે. મેં ઘણા બધા અવસરે લોકો સામે આ વાત મુકી તો ખુબ પ્રભાવિત થયા પરંતુ આપણો હેતુ ફક્ત સારી વાત બતાવીને લોકોને પ્રભાવિત કરવું નથી બલ્કે આપણા અમલથી તે વાતની અને પ્રત્યેક ઇસ્લામી હુકમની સુંદરતા સાબિત કરવી પણ છે. આપણને લોકો સવાલ કરી શકે છે કે ખુબ સારી વાત છે પણ તમારામાંથી કેટલાં આ વાત પર અમલ કરે છે. જ્યારે અવસર આવે તો સ્વાર્થ ન દેખાડીએ. વાતની સુંદરતા તો તે સમયે જ જાહેર થાય છે જ્યારે વાત કહેનાર સ્વયં તેના પર અમલ કરી રહ્યો હોય. લોકોને આપણી ખાસિયતનો ભેદ તો ત્યારે ખબર પડશે જ્યારે આપણી વાતો અને કાર્યો એક જેવા હશે. લોકો ફક્ત વાત જ નથી સાંભળતા બલ્કે આપણને જોવે પણ છે.

આથી જ્યારે આપણે મઝહબના હવાલાથી ઉચ્ચ અખલાકની વાત કરીએ છીએ તો લોકો આપણને જુએ પણ છે કે તેમનો પોતાનો અમલ શું છે. આ વાતથી તો કોઇ ઇન્કાર નથી કરી શકતો જે આંહઝરત સ.અ.વ.એ મોમિનને ઉચ્ચ અખલાક કાયમ કરવા માટે બતાવી કે તમે વાસ્તવિક મૌમિન હોવાનો ત્યારે ખબર પડશે જ્યારે તમારા અખલાક પણ ઉચ્ચ હશે, તમારા એક બીજા માટે જઝબાત અને અહેસાસોના ધોરણ પણ ઉચ્ચ હશે અને તે ધોરણો શું છે કે જે વસ્તું પોતાના માટે પસંદ કરો તે બીજા માટે પણ પસંદ કરો. એ નહી કે પોતાના અધિકારો હાસેલ કરવા માટે ન્યાય ન્યાય ના નારા લગાવો અને બીજાના અધિકારો આપતા સમયે નકારાત્મક ભાવના દેખાડો.

આથી આપણે જે રીતે પોતાના અધિકારો હાસેલ કરવા માટે બેચેન થઇએ છીએ બીજાના અધિકારો આપવા માટે પણ તે જ ધોરણ કાયમ કરવા જોઇએ. આપણાથી કોઇ ભૂલ થઇ જાય તો આપણે પોતાના માટે ઇચ્છીએ છીએ કે આપણી ભૂલ માફ થાય અને આપણી કોઇ પકડ ન થાય આપણને સજા ન મળે તો પછી જ્યારે કોઇ બીજો ભૂલ કરે છે જેનાથી આપણે પ્રભાવિત થઇ રહ્યા હોય પછી આપણે તેના માટે પણ જો તે કોઇ ટેવાયેલો આરોપી નથી વારંવાર તે ભૂલો નથી કરતો તો આ જ વ્યવહાર અપનાવવો જોઇએ કે માફ કરી દે. હાં જો કોઇ ભૂલથી જમાઅત અથવા કોંમના ફાયદાને નુકસાન થઇ રહ્યો હોય તો પછી આ જાતિ ભૂલ નથી હોતી અને તેનો અપરાધ પછી કોંમી અપરાધ બની જાય છે અને પછી એવા લોકોનો ફેસલો પણ ઇરાદો કરે છે કોઇ વ્યકિત નથી કરતો.

હું આ વાત કરી રહ્યો છું કે સમાજમાં દરરોજ આપસી મામલાઓમાં જે આપણે પોતાના માટે અધિકાર સમજ્યે છીએ તે બીજાને પણ અધિકાર અપીએ છીએ કે નહી અથવા આપવાની આપણી સોચ છે કે નહી અને તેમાં બુનિયાદી એકમ ઘર છે, મિત્ર છે, ભાઇ બહેન છે, બીજા સગા સંબંધીઓ છે. જ્યારે નાના પેંમાનામાં આપણા નાના ફરીયામાં આ સોચ હશે તો સમાજમાં પણ વિશાળ રૂપમાં આ જ સોચ ફેલાશે. પોતાનો સ્વાર્થ ખતમ થશે અધિકાર આપવાની વાત વધશે, માફ કરવાનો રૂજહાન વધશે, સજા આપવાનો કે અપાવવાનો રૂજહાન ઓછો થશે અને અલ્લાહ તઆલાએ કુરાન શરીફમાં પણ જાહેરી અધિકારો અને આવશ્યકતાનો ખ્યાલ રાખવાની સાથે સાથે માફ કરવાનો રૂજહાન પણ સ્વીકારવા તરફ ધ્યાન આપ્યું છે. આથી અલ્લાહ તઆલા કુરાન શરીફમાં ફરમાવે છે :

"તે લોકો જે સુખચેનમાં પણ ખર્ચ કરે છે અને તંગીમાં પણ અને ગુસ્સો દબાવી કાઢે છે અને લોકોને દરગુઝર કરનાર છે અને અલ્લાહ અહેસાન કરનારને પ્રેમ કરે છે."

આમાં પહેલાં તો અલ્લાહ તઆલાએ બંદાના અધિકારો આપવા માટે ખર્ચ કરવા તરફ ધ્યાન અપાવ્યું છે જેને આવશ્યકતા છે. પછી અલ્લાહ તઆલા ફરમાવે છે કે ઉપકાર કરનારની પણ આ નિશાની છે કે તે પોતાના જઝબાત પર પણ કંટ્રોલ રાખનાર છે આ વાત કોઇ સાધારણ વાત નથી કે પ્રત્યેક પ્રકારનો ગુસ્સો અને બદલાનો જઝબો દિલથી કાઢી નાખે આ ખુબ મોટી વાત છે. જ્યારે ગુસ્સો પણ ન આવે અને બદલો લેવાનો જઝબો પણ દિલથી નિકળી જાય અને ન માત્ર એ કે ગુસ્સાના જઝબાતને દિલથી કાઢી નાખે બલ્કે ભુલ કરનાર પર ઉપકાર પણ કરી દેવામાં આવે. આ ખુબ મોટી વાત છે અને અલ્લાહ તઆલા ચાહે છે કે મોમિનમાં આ વાતો પૈદા થાય. રિવાયતમાં હઝરત હસન રઝી ની એક ઘટના આવે છે કે આપના એક ગુલામે કોઇ ભુલ કરી તેના પર આપને ખુબ ગુસ્સો આવ્યો અને સજા આપવા ઇચ્છતા હતા કે તે ગુલામે આયતનો એ ભાગ વાંચ્યો કે "તે જે ગુસ્સો દબાવે છે" જેથી હઝરત હસન રઝી એ સજા આપવા માટે જે હાથ ઉઠાવ્યો હતો તે પાછો ખેંચી લીધો તે પછી ગુલામે કહ્યું "એવા લોકો જે લોકોને માફ કરનાર પણ હોય છે" જેથી હઝરત હસન રઝી એ અલ્લાહ તઆલાના હુકમ પ્રમાણે કહ્યું કે જાઓ મેં તને માફ કર્યો. આ વાત પર ગુલામે કહ્યું કે "અલ્લાહ તઆલા ઉપકાર કરનારથી પ્રેમ કરે છે જેથી તેમણે તે ગુલામને કહ્યું કે જાઓ મેં તેને આઝાદ કર્યો જ્યાં જવા ઇચ્છો ત્યાં જાઓ.

આમ, અલ્લાહ તઆલાની મહોબ્બતની ખ્વાહેશ રાખનારનો આ વ્યવહાર હોય છે કે ન માત્ર ગુનેગારનો ગુનો માફ કરી દે બલ્કે તેના પર ઉપકાર પણ કરી દે. હઝરત મસિહ મૌઉદ અ.સ. આ આયતના હવાલાથી એક સ્થાને ફરમાવે છે :

યાદ રાખો જે વ્યકિત સખતાઇ કરે છે અને ગુસ્સામાં આવી જાય છે તેની જુબાનથી જ્ઞાન અને અકલમંદીની વાતો કદાપી નથી નિકળી સકતી તે દિલ હિકમતની વાતોથી વંચિત કરી દેવામાં આવે છે જે સામે વાળાની સામે જલ્દી ગુસ્સામાં આવીને ગુસ્સામાં ભાન ભુલી જાય છે. અશિષ્ટ અને બેલગામના હોઠ મજેદાર વાતોના ઝરણાંથી વંચિત કરવામાં આવે છે. ગુસ્સો અને અકલમંદી બન્ને એક સાથે નથી રહી શકતી. જે મગઝુબુલ ગઝબ હોય છે તે ઓછી બુધ્ધિનો હોય છે તેને કદાપી કોઇ પણ મેંદાનમાં સહાયતા અને જીત નથી આપવામાં આવતું. ગુસ્સો નાનો જુનુન છે જ્યારે આ વધારે ભળકે છે તો સંપૂર્ણ જુનુન બની જાય છે. યાદ રાખો કે અકલ અને જોશમાં ખતરનાક દુશ્મની છે જ્યારે જોશ અને ગુસ્સો આવે છે તો વિવેક બુધ્ધિ નથી રહેતી પરંતુ જે ધૈર્ય રાખે છે અને ધીરજનો નમૂનો દેખાડે છે તેને એક નૂર આપવામાં આવે છે જેનાથી તેની અકલ અને જ્ઞાનની કુવ્વતમાં એક નવો પ્રકાશ પેદા થાય છે અને પછી નૂરથી નૂર પૈદા થાય છે. ગુસ્સો અને જોશની હાલતમાં કેમ કે દિલ અને દિમાગ આંધળા થઇ જાય છે માટે પછી અંધકારથી અંધકાર પૈદા થાય છે.

અમુક સ્થાને સખતાઇ કરવી પડે છે પરંતુ ગુસ્સામાં આવીને સખતાઇ કરવી ઉચિત નથી. ઇસ્લામમાં સજા આપવાનું છે પણ તેના કાયદાઓ છે. ગુસ્સામાં આવીને સજા આપવી એ ન્યાયથી દુર લઇ જાય છે.

અલ્લાહ તઆલાએ આપણને ગુસ્સો દબાવ્યા બાદ જે માફ કરવાનું કહ્યું છે તો વગર કોઇ હિકમતે નથી કહ્યું કે માફ કરતાં ચાલ્યા જાઓ બલ્કે માફી અને સજાની હિકમત બતાવીને ફેસલો કરવાનું કહ્યું છે. અલ્લાહ તઆલા ફરમાવે છે : અને ગુનાનો બદલો ગુના પ્રમાણે હોય છે અને જો કોઇ માફ કરે શર્ત એ કે તે તેની સુધારણા માટે તો તેનો બદલો અલ્લાહ પર છે ખરેખર તે ઝાલિમોને પસંદ નથી કરતો.

માટે અસલ વસ્તું અપરાધીને તેના અપરાધનો અહેસાસ અપાવીને સુધારણા કરવી છે ન કે બદલો લેવો, કેસ વગેરે કરીને પોતાનો માલ પણ નષ્ટ કરવું તથા બીજાનો માલ પણ નષ્ટ કરવું, પોતાનો સમય પણ બગાડવો અને બીજાનો પણ બગાડવો અને જો જમાઅતની સંસ્થામાં મામલો છે તો તેના પર કુધારણ કરવું જો ક્ષમા કરવાથી સુધાર થઇ જાય છે તો ક્ષમા કરવું ઉત્તમ છે. જો સજા આપવી સુધાર માટે જરૂરી છે તો ન્યાયની આવશ્યકતા એ છે કે સજા આપવામાં આવે અને પછી નિ:સંદેહ સંબંધિત સંસ્થાઓ સુધી મામલો લઇ જાઓ. હઝરત મસિહ મૌઉદ અ.સ.એ આ વિવેક શીલ આદેશના વિષયમાં અનેક સ્થાને લખ્યું છે એક સ્થાને આપ ફરમાવે છે :

ન્યાય પ્રક્રિયા અનુસાર પ્રત્યેક અપરાધની સજા એટલી જ છે પરંતુ જો કોઇ પોતાના આરોપીને ક્ષમા કરી દે પરંતુ શર્ત એ છે કે ક્ષમા કરવાથી તે અપરાધીની સુધારણા હોય, ન કે ક્ષમા શીલતાના કારણે અને અધિક નિર્લજજ થઇ જાય, તો એવા વ્યકિત ખુદા તઆલાથી મોટો પ્રતિ ફળ મેળવશે.

આમ, આ છે ઇસ્લામમાં સજા અને માફીની હિકમત, કે સુધાર માટે હોય. ન કે અલ્લાહ તઆલા આ ચાહે છે કે આંખો બંધ કરીને પ્રત્યેકને માફ કરતાં ચાલ્યા જાઓ, ન કે ગુસ્સે થઇને સજા આપવા તરફ ઝુકાવ હોય. માફ કરતા જવામાં પણ સમાજમાં બગાડ પૈદા થાય છે તથા સજા આપતાં જવામાં પણ દ્વેષ અને દુશ્મનીઓ વધતી જાય છે તથા સમાજમાં નફરતોની દીવારો ઉભી થાય છે અને અશાંતિ ફેલાતી જાય છે.

આ પ્રકારે આ તો ઇસ્લામનો એક મૂળ સિધ્ધાંત છે. હવે આપણે જોઇએ કે આંહઝરત સ.અ.વ. કઇ સીમા સુધી માફ કરતાં હતા. ક્ષમાશીલતાની મૈરાજ તો આપણને આંહઝરત સ.અ.વ.ના જીવનમાં દેખાય છે કે જે લોકોની સજાના નિર્ણય પણ થઇ ગયા હતા, આપ સ.અ.વ.એ તેમને પણ માફ કરી દીધા કોઇ બીજાના આરોપીને નહી બલ્કે પોતાના દોષીઓને માફ કર્યા પોતાની સંતાનોના હત્યારાઓને માફ કરી દીધા કેમ કે તેમની સુધારણા થઇ ગઇ હતી. રિવાયતોમાં એક ઘટના આવે છે કે એક વ્યકિત હબ્બાર બિન અસવદે રસૂલુલ્લાહ સ.અ.વ.ની સુપુત્રી હઝરત ઝૈનબ પર મકકાથી મદીના હિજરત કરતાં સમયે ભાલાથી હત્યા કરવા માટે આક્રમણ કર્યો. આપ તે સમયે ગર્ભવતી હતી. આક્રમણના કારણે તેમનો ભ્રૂણ પણ નષ્ટ થઇ ગયું, ઘાયલ પણ થઇ, અને આપણ મૃત્યું પણ થયું. આ અત્યાચારના કારણે હબ્બારની હત્યા કરવાનો નિર્ણય થયો. મકકા વિજય થવાના અવસરે તે વ્યકિત ભાગીને કયાંક ચાલ્યો ગયો પરંતુ જ્યારે નબી કરીમ સ.અ.વ. પાછા મદીના પધાર્યા તો તે હબ્બાર નામનો વ્યકિત, રસૂલુલ્લાહ સ.અ.વ.ની સેવામાં ઉપસ્થિત થયો તથા નિવેદન કર્યુ કે દયાની ભીખ માંગું છું, પહેલાં હું આપથી ડરીને ભાગી ગયો હતો પરંતુ મને આપની ક્ષમાશીલતા તથા દયા પાછો લઇ આવી છે. હે ખુદાના નબી! અમે મૂર્ખ હતા, મૂર્તિ પૂજક હતા, ખુદાએ અમોને આપને દ્વારા માર્ગ દર્શિત કર્યા છે તથા વિનાશથી બચાવ્યા, હું મારા અત્યાચરોને સ્વીકાર કરૂં છું. માટે મારી મૂર્ખતાને ક્ષમા કરો. આમ, આંહઝરત સ.અ.વ.એ પોતાની સુપુત્રીના હત્યારાને ક્ષમા કરી દીધો તથા ફરમાવ્યું કે જા હબ્બાર! મેં તને માફ કર્યો અને પછી ફરમાવ્યું કે અલ્લાહ તઆલાનો આ અહેસાન છે કે તેણે તને ઇસ્લામ કબૂલ કરવાની તૌફીક આપી. આથી આપે જોયું કે તેની સુધારણા થઇ ગઇ છે તો પોતાની સુપુત્રીના હત્યારાને પણ માફ ફરમાવી દીધો.

હઝરત આયશા રઝી ફરમાવે છે કે આંહઝરત સ.અ.વ.એ કદાપી પોતાના ઉપર થનાર અત્યાચારોનો બદલો નથી લીધો. ત્યારે તો આપના ભોજનમાં ઝેર મિલાવનાર યહૂદી મહિલાને પણ માફ કરી દીધી. પછી હિન્દા નામની મહિલા પર આપની ક્ષમાશીલતાનો એવો પ્રભાવ પડયો કે તેની કાયા જ પલટાઇ ગઇ, શ્રદ્ધાળુ બની ગઇ. તે જ દિવસે તેણે આંહઝરત સ.અ.વ.ની દાવત કરી અને બે બકરા સેકીને મોકલાવ્યા અને સાથે આ પણ કહ્યું કે આજ કાલ જાનવર ઓછા છે માટે આ નાની ભેટ પેશ છે. આથી આંહઝરત સ.અ.વ. એ દુઆ ફરમાવી કે હે અલ્લાહ !હિન્દાના રેવડમાં અધિક બરકત નાખ. અને કહે છે કે આ દુઆમાં એવી બરકત પડી કે તેનો રેવડ ખુબ વધ્યો.

અબ્દુલ્લાહ બિન અબી બિન સલૂલની તમામ ગુસ્તાખીઓને માફ કરી દીધી તથા તેનો જનાઝો પણ પઢયો. કઅબ બિન ઝહીર એક પ્રખ્યાત કવિ હતો. કોઇ કારણ સર તેના માટે પણ સજાનો આદેશ હતો. મકકા વિજય પછી તેના ભાઇએ તેને લખ્યું કે હવે આવીને રસૂલુલ્લાહ સ.અ.વ.થી માફી માંગી લે. અને તે મદીના આવીને પોતાના એક ઓળખીતા પાસે રોકાઇ ગયો તથા ફઝરની નમાઝ મસ્જીદ એ નબવીમાં આંહઝરત સ.અ.વ.ની પાછળ અદા કરી. નમાઝ પછી આંહઝરત સ.અ.વ.ની સેવામાં નિવેદન કર્યુ કે યા રસૂલુલ્લાહ ! કઅબ બિન ઝહીર પ્રાયશ્ચિત માટે આવ્યો છે તથા માફીની પ્રાર્થના કરે છે. આપ સ.અ.વ., ચહેરાથી તેને ઓળખતા ન હતા માટે કહ્યું કે આજ્ઞા હોય તો તેને પ્રસ્તુત કરીએ આપે ફરમાવ્યું કે હાં, આવી જાય. તેણે કહ્યું કે યા રસૂલુલ્લાહ ! હું જ કઅબ બિન ઝહીર છું તેના પર એક અન્સાર તેનું વધ કરવા માટે ઉભા થયા તો આંહઝરત સ.અ.વ.એ ફરમાવ્યું કે આ ક્ષમા યાચિકા લઇને આવ્યો છે તેને છોડી દો. ત્યાર પછી તેણે આંહઝરત સ.અ.વ.ની સેવામાં એક કાવ્ય પંકિત પેશ કરી જેથી આપ પ્રસન્ન થઇ પોતાની ચાદર પણ તેને ઓઢાવી દીધી. આ હતી આપની ક્ષમાશીલતાનો સ્તર કે ન માત્ર માફ ફરમાવતા બલ્કે પુરસ્કાર આપીને વિદા કરતાં હતા. આંહઝરત સ.અ.વ.ની ક્ષમાશીલતાના અસંખ્ય ઉદાહરણો છે, એવા ઉચ્ચ ધોરણો સુધી પહોચેલી ક્ષમાશીલતા છે કે મનુષ્ય ચકિત રહી જાય છે.

એક વાર એક વ્યકિત રસૂલુલ્લાહ સ.અ.વ.ની સેવામાં ઉપસ્થિત થયો તથા નિવેદન કર્યુ કે યા રસૂલુલ્લાહ !મારો એક ગુલામ છે જે અનુચિત કાર્ય કરે છે, શું હું તેને શારીરિક દંડ આપી શકું છું ? આંહઝરત સ.અ.વ. એ ફરમાવ્યું કે તમે તેને પ્રતિ દિવસ સીત્તે વાર માફ કરો અર્થાત અત્યાધિક માફ કરો.

હઝરત મસિહ મૌઉદ અ.સ. ફરમાવે છે કે જમાઅતને તૈયાર કરવાનો મુખ્ય હેતુ એ જ છે કે જુબાન, કાન, આંખ તથા પ્રત્યેક અંગમાં તકવા પ્રવેશ કરી જાય. તકવાનો નૂર તેની અંદર અને બહાર હોય. સદાચારનો ઉત્તમ નમૂનો હોય તથા અકારણ જ ક્રોધ તથા પ્રકોપ વગેરે બિલકુલ ન હોય. ફરમાવ્યું કે મેં જોયું છે કે જમાઅતના અધિક લોકોમાં ક્રોધનો દોષ અત્યાર સુધી વિદ્યમાન છે. નાની નાની બાબતોમાં પણ દ્વેષ પૈદા થઇ જાય છે તથા આપસમાં ઝગડે છે. એવા લોકોનો જમાઅતમાં કોઇ યોગદાન નથી હોતું અને હું સમજું છું કે તેમાં શું પરેશાનીઓ છે કે જો કોઇ ગાળ આપે તો બીજો ચુપ રહે તથા તેને જવાબ ન આપે. પ્રત્યેક જમાઅતનો સુધાર સર્વપ્રથમ નૈતિકતાથી થાય છે, શરૂઆતથી જ સંયમ દ્વારા ઉન્નતિ કરે તથા સર્વોત્તમ ઉપાય એ છે કે જો કોઇ બદગોઇ અર્થાત અભદ્ર ભાષા બોલે તો તેના માટે દિલના દર્દ સાથે દુઆ કરો.

અલ્લાહ તઆલા આપણને આ સામર્થ્ય આપે કે આપણે આ ધોરણોને હાસેલ કરનાર બનીએ.


Khulasa Khutba Jumma Huzoor Anwar 23 September 2016

BOOK POST (Printed Matter)

To.............................................................................................................

.............................................................................................................

.............................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.